ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૮-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### અન્ન સુરક્ષા ખરડાને લોકસભાની બહાલી

તહેવારોના દિવસોમાં પણ સંસદનું ચોમાસુ સત્ર લંબાવી 'યુપીએ' અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ એમના રાજકીય જીવનના સ્વપ્ન સમું અન્ન સુરક્ષા બિલ લોકસભામાં ધ્વનિમતથી પસાર કરાવવામાં સફળતા મેળવી તે એમની કારકિર્દીની યાદગાર ઘટના ગણાવી જોઈએ. સોનિયા મૂળે રોમન કેથોલિક ચર્ચનાં અનુયાયી છે. ભારતીય યુવાનને દિલ દઈ બેઠાં હોઈ ભારતીય વાતાવરણમાં પલોટાયા વિના છૂટકો ન હતો. પાછો એ સીધોસાદો અને સોહામણો યુવાન તત્કાલીન વડાપ્રધાનનો પુત્ર હતો, એટલે અનિચ્છાએ પણ એમને રાજકીય વાતાવરણ વચ્ચે ઘરસંસાર માંડવો પડ્યો હતો. પરંતુ મૂળભૂત રીતે એમના વ્યક્તિત્વમાં રીઢા રાજકારણીનું એકપણ લક્ષણ નથી. કરુણામૂર્તિ મધર ટેરેસાની જેમ એમને સર્વહાર સમુદાય માટે કંઈ કરી છૂટવાની તમન્ના હતી. અકસ્માતે એમને રાષ્ટ્રીય રાજકારણમાં આવી જવું પડ્યું ત્યારે પણ એમની મૂળ પ્રકૃતિ તો ખ્રિસ્તી 'નન'- સાધ્વી જેવી જ રહ્યા કરી છે. એમને રાજકારણના કાવાદાવા શીખવાની જરૂર પણ ક્યાં હતી? નહેરુ ગાંધી પરિવારનાં સભ્ય તરીકે એમને તો કોંગ્રેસનું પ્રમુખ પદ સામેથી શોધતું આવી મળ્યું હતું. સોનિયા ગાંધીએ હાંસિયે ધકેલાઈ ગયેલી રાષ્ટ્રીય પાર્ટીને પાછી મોભાદાર સ્થિતિમાં અણી દીધી તે એમની નિષ્ઠાનો વિજય હતો. ગત લોકસભાની ચૂંટણી પૂર્વે એમણે 'મનરેગા'ની યોજના અમલી બનાવી તેથી ગ્રામીણ શ્રમિકો માટે રોજગારનું ઘરઆંગણે જ રાજદ્વાર ખૂલી જવા પામ્યું હતું. એ યોજનાનો સીધો લાભ ચૂંટણીમાં મળતા યુપીએ ગઠબંધન બીજીવાર સત્તાના સિંહાસન સુધી પહોંચવામાં સફળ થયું હતું. હવે જ્યારે ૨૦૧૪ની ઐતિહાસિક ચૂંટણીનો પડકાર નજર સામે છે ત્યારે સોનિયા ગાંધીએ એમના ભાથામાંથી બ્રહ્માસ્ત્ર સમું અન્ન સુરક્ષા બિલ રમતું મૂકીને યુપીએ-૩ માટેનું મજબૂત ગ્રાઉન્ડ તૈયાર કર્યું છે. યુપીએ-૧ દરમિયાન ડો. મનમોહનસિંહ પાસે દેશની પ્રજાએ રાખેલી અપેક્ષાઓ મહદંશે પૂરી થઈ હતી. કદાચ પહેલી જ વાર દેશને એક એવો વડા પ્રધાન મળ્યો હતો જેને પોતાનું કોઈ અંગત રાજકારણ નહોતું, પાર્ટીમાં પણ એની કોઈ દખલ નહોતી. એક મોટા ગજાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અર્થશાસ્ત્રી તરીકે ડો.મનમોહનસિંહે પ્રજાનું મન ખરેખર મોહી લીધું હતું. વિશ્વની ઊભરતી મહાસત્તાઓમાં ભારતની પણ ગણતરી થવા માંડી હતી. એ પછી 'યુપીએ-૨' સરકારના કાર્યકાળમાં જે કૌભાંડોનો દોર ચાલ્યો એથી યુધિષ્ઠિરના રથની જેમ દશાંગુલ ઉંફરા ગણાતા મનમોહનની શાખ પણ નીચે ઊતરતી ગઈ. ટુ-ડી સ્પેક્ટ્રમ ફાળવણીના કૌભાંડમાં સંડોવાયેલા એ.રાજા જેવા મંત્રીઓ અને સાથી પક્ષનાં સાંસદ કનીમોઝીને જેલમાં જવું પડ્યું. વડાપ્રધાને વારંવાર દોષનો ટોપલો સાથી પક્ષોપર ઢોળી એને ગઠબંધન ધર્મની મજબૂરીમાં ખપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ પછીના ગાળામાં પ્રકાશમાં આવેલ કોલસા કૌભાંડ (કોલગેટ) માં તો રેલો છેક વડાપ્રધાનના પગ નીચે આવી ગયો. તત્કાલીન કાનૂન મંત્રી અશ્વિનીકુમારની ઉપસ્થિતિમાં વડાપ્રધાન કાર્યાલય દ્વારા સીબીઆઈ તપાસના રિપોર્ટમાં સાનુકૂળ ફેરફારો કરાતાં સુપ્રીમ કોર્ટની આંખમાંથી ઊતરી જવાયું. એ જ અરસામાં પડતા પર પાટુ જેવો રેલવે મંત્રી બંસલના ભાણેજને સંડોવતો ભ્રષ્ટાચારનો કિસ્સો બહાર આવ્યો. સુરેશ કલમાડીના 'ખેલ' કૌભાંડથી બંસલના 'રેલ' કૌભાંડ સુધીનો દોર મનમોહનસિંહની પ્રતિષ્ઠાના લીરા ઉડાડવા માટે પૂરતો ગણાય. ઓછામાં પૂરું સોનિયા ગાંધીના જમાઈરાજ રોબર્ટ વાડરાનું પ્રોપર્ટી કૌભાંડ ખૂલ્યું એથી યુપીએ એના લોકપ્રિય અને ઝુઝારુ નેતા નરેન્દ્ર મોદીને ભાવિ વડાપ્રધાનપદ માટેના ઉમેદવાર તરીકે આગળ ધરી ઝંઝાવાતી પ્રચાર શરૂ કરી દીધો છે અને મોંઘવારી રૂપિયાના નિરંતર અવમૂલ્યન તથા કાળાં નાણાંના મુદ્દે સરકાર ઘેરાયેલી છે, ત્યારે સોનિયા ગાંધી પાસે એમના ભાથાનું આ મહામૂલું બ્રહ્માસ્ત્ર કાઢ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ક્યાં બચ્યો હતો? એને ભાજપ અને સપા સહિતના વિપક્ષોએ ફૂડ સિક્યોરિટી કરતાં વિશે વોટ સિક્યોરિટી બિલ તરીકે ઓળખાવ્યા પછી પણ ધ્વનિમતથી પસાર થવા દીધું તે જ શું કહેવાતાં 'વિદેશી' માનુનીનો વિજય નથી?

## બેંગ્લોર એથ્લેટીક્સમાં ગાંધીનગરના બે ખેલાડીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૯

માસ્ટર્સ એથ્લેટીક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની ૩૪મી નેશનલ માસ્ટર્સ ઓફ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ૨૦૧૩ની બેંગ્લોર ખાતે યોજી હતી. સ્પર્ધામાં ગાંધીનગરના બે ખેલાડીઓએ એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

નેશનલ માસ્ટર્સ ઓફ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ૨૦૧૩મી બેંગ્લોર ખાતે યોજાયેલી સ્પર્ધામાં ગાંધીનગરનાં પાંચ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં એમ. બી. ભાઈજીએ ચક્ર ફેંકમાં સિલ્વર મેડલ એ હથોડા ફેંકમાં બ્રોન્ઝ મેડલ તથા એમ. બી. ટકારાએ લાંબી કૂદમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાત રાજ્યનું અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગર માસ્ટર્સ એથ્લેટીક્સ એસોસિએશનના પ્રમુખ દિનેશસિંહ ચાવડા અને મંત્રી દશરથસિંહ ચૌહાણ અને રમત-ગમત ક્ષેત્રના અગ્રણીઓ આ ખેલાડીઓની સિદ્ધિને બિરદાવી છે.



સેક્ટર-૨૧ શ્રીજી હવેલી ખાતે વૈષ્ણવ સમાજ દ્વારા રંગપૂર્ણી હરીફાઈ યોજાઈ હતી. પ્રતિવર્ષ જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે સમાજના નાના ભૂલકાંઓ માટે વિવિધ વયજૂથની ચિત્ર સ્પર્ધા યોજાય છે. રંગબેરંગી ચિત્રો ચોરી બાળકોએ વાતાવરણને ઉત્સાહથી ભરી દીધું હતું. શ્રીજીની હવેલી ખાતે છેલ્લા ૧૫ દિવસથી હિંડોળા મહોત્સવનું આયોજન પણ કરાયું હતું. જન્માષ્ટમીની ઉજવણીમાં વૈષ્ણવો મોટી સંખ્યામાં દર્શને પધાર્યા હતા. (તસવીર : દિપક જાની)





## જિલ્લાકક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસીએશન દ્વારા જિલ્લાકક્ષાની ઝડપી સાયકલીંગ સ્પર્ધા આગામી તા. ૧લી સપ્ટેમ્બર-૨૦૧૩ને રવિવાર સવારે ૬.૩૦ કલાકે હેલીપેડ ગ્રાઉન્ડ સેક્ટર-૧૭ ખાતેથી શરૂ થઈ ટાઉનહોલના ડોમ પાસે પુરી થશે.

જિલ્લા સાયકલીંગ એસોસીએશન દ્વારા આ સ્પર્ધામાં જુનીયર વિભાગ/સીનીયર વિભાગ/ઓપન વિભાગ એમ ત્રણ વિભાગમાં યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા રસ ધરાવતી સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ, કોલેજો તેમજ વ્યાયામ શાળા તેમજ રમત ગમતની ક્લબોએ પોતાના ખેલાડી ભાઈ/બહેનો કે જેઓની ઉંમર ૧૪ વર્ષ અથવા ૧૪ વર્ષથી ઉપરની હોય તેવા ખેલાડીઓની નામ સરનામુ, જન્મ તારીખ, શાળાનું નામ, અભ્યાસ વિગેરે માહિતી સાથેની એન્ટ્રી સાથે ખેલાડીઓને નીયત ગણવેશમાં તારીખ ૧લી સપ્ટેમ્બરના સવારે ૬.૦૦ કલાકે ઉક્ત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે. આ સમારંભમાં શ્રી કિશોરભાઈ ગોપલાણી, પ્રમુખ ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસીએશન ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહીત કરશે. આ શુભ પ્રસંગે ગાંધીનગરની રમતગમત સંસ્થાના હોદ્દેદારો, કર્મચારીઓ, વસાહતી ભાઈઓ/બહેનોને આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા અમારૂ ભાવભીનુ નિમંત્રણ છે.

## ઓપન ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ શુટીંગ ચેમ્પિયનશીપ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશનના સહયોગથી ઓપન ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ શુટીંગ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ થી ૨૧ વર્ષ સુધીના સ્પર્ધકો ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારે ૩૦મી સુધી પોતાના નામ નોંધાવી દેવા જણાવાયું છે.

ઈન્ટરનેશનલ ઓલમ્પિક એસોસિએશન દ્વારા માન્ય ઓલમ્પીક રમત રાયફલ, પિસ્તોલ શુટીંગ જે રમતને રમત વિભાગ ભારત સરકારે અગ્ર ક્રમની રમત જાહેર કરેલ છે. આ માન્ય રમતની ઓપન ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ શુટીંગ ચેમ્પિયનશીપ કોમ્પીટીશન, રાયફલ ક્લબ, ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનીંગ એસોસિએશન, ખાનપુર, ગાંધીબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૧ સિટી પશ્ચિમ તાલુકો અમદાવાદ જિલ્લા ખાતે ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશનનાં સહકારથી યોજાશે. જેમાં વ્યક્તિગત, સ્કાઉટ, એન.સી.સી., ટીમ વિભાગની ભાઈઓ તથા બહેનોની ઉંમર વિભાગ, વ્યક્તિગત, ૨૧ વર્ષથી નાના જુનિયર, ૧૮ વર્ષથી નાના યુથ, ૧૫ વર્ષથી ૧૨ વર્ષ યુથ સુધીનાની ૪.૫ એમ.એમ.એર રાયફલ તથા ૧૫ વર્ષથી મોટાની ૫.૬ એમ.એમ. (૦.૨૨ ઈંચ) રાયફલની વિવિધ મેચનું આયોજન કરેલ છે. જેમાં રાયફલ શુટીંગની જાણકારી ધરાવનાર ગુજરાતની કોઈપણ શાળાનાં વિદ્યાર્થી ભાગ લઈ શકાશે. જેનું પ્રવેશપત્ર ભરવાની છેલ્લી તારીખ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૩ છે. વધુ માહિતી માટે સંસ્થાની કચેરીનો સંપર્ક સાધવા ઓનરરી જનરલ સેક્રેટરી ડૉ. સૌરભ ચોકસીએ જણાવ્યું છે.

## ગાંધીનગરની મહિલા અગ્રણીઓ સાથે પ્રો. હેલેને કેન્ટેલની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની મુલાકાતે આવેલા હેલસીંકી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રો. હેલેને કેન્ટેલ સાથે તાજેતરમાં ગાંધીનગરની મહિલા અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રો. હેલેને કેન્ટેલે ભારતીય સમાજ અને પારિવારિક વ્યવસ્થાઓના અભ્યાસ માટે ઊંડો રસ દાખવી મહિલા સમૂહ સાથે પોતાના દેશની સામાજિક સંરચના અંગે રસપ્રદ વિગતો આપી હતી.

ફીનલેન્ડની કુલ વસ્તી અમદાવાદ જેટલી છે અને પ્રત્યેક સ્ત્રી સાક્ષર એટલે કે ભણેલી છે તથા અધિકાંશ સ્ત્રી વ્યવસાયી છે અથવા તો કોઈને કોઈ કામ કરે છે. ફીનલેન્ડના મામ ઘરોમાં પરિવારની આર્થિક જવાબદારી પતિ-પત્ની સંયુક્ત રીતે વહન કરે છે. ઉલ્લેખનીય છે કે ફીનલેન્ડની મહિલાઓમાં શ્રમ અને આત્મનિર્ભરતાનું ખૂબજ મહત્વ છે.

પારિવારીક જીવનની દૃષ્ટિથી તમામ સ્ત્રીઓ આત્મનિર્ભર હોવાને કારણે કોઈ પ્રકારની પારિવારીક તકરારમાં ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ ખાસ કરીને સાવકા બાળકની મુખ્ય સમસ્યા આ દેશમાંછે. અને પતિ-પત્ની છુટા પડે ત્યારે બાળકો માતા સાથે રહે છે, અલબત્ત સારુ પાસુ એ છે કે ઘરગથ્થું હિંસાની પરિસ્થિતિ ઉભી થઈ નથી. મિલકત પતિ-પત્નીના સંયુક્ત નામે રહે છે અને બંનેના આવકના સરખા ભાગે હિસ્સામાંથી બંને ત્યાં સુધી મિલકત લેવામાં આવે છે. અલબત્ત વગર લગ્ન સાથે રહેવાની 'લીવ ઈન રીલેસનશીપ'ની ખૂબ મોટી સમસ્યા ફીનલેન્ડમાં છે.

ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે દિકરા અને દિકરીઓ વચ્ચે કોઈ ભેદભાવ નથી અને સામાજીક રીતે સમાજ તંદુરસ્ત છે સાધારણ રીતે પ્રત્યેક પરિવારમાં બે અથવા બેથી વધારે બાળકો હોય છે અને કુટુંબ નિયોજનનો કોઈ પ્રયત્ન કે યોજના વિશેષ સ્વરૂપે નથી. શાળાએ જવાની ઉંમર સાત વર્ષની છે અને બધુ જ શિક્ષણ સરકાર દ્વારા અનુદાનીત છે એટલે કે મફત અને ફરજીયાત શિક્ષણની સ્થિતિ છે.

વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને મહિલા ક્રિયાશીલ ડૉ. શ્રીમતી ભાવના જોશીપુરાના નિમંત્રણથી આ મિલન આયોજીત થયુંહતુંઅને શ્રીમતી ભાવના જોશીપુરાએ તેમનું ભાવપૂર્ણ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે શ્રીમતી રેખાબેન ભટ્ટ, અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘના મંત્રી સર્મીષ્ઠાબેન દવે, મહિલા ઉદ્યોગ સાહસીક દક્ષાબેન યાજ્ઞિક, વરિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. માધવીબેન ઉપાધ્યાય, ડૉ. હીના મહેતા, લીનાબેન મહેતા, પ્રો. જુમીશ્રી શર્માહ સહિત વિવિધ સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## માસ્ટર ઓફ એન્જિનિયરિંગ પ્રવેશમાં પણ ઈઈઈનાં વિદ્યાર્થીઓને અન્યાય

બેચરલ ઓફ એન્જિનીયરીંગ બાદ સરકાર દ્વારા માસ્ટર ઓફ એન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવે છે. જેમાં પણ ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રીકલ્સ એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓને અન્યાયકરવામાં આવેલ છે. ઈલેક્ટ્રીક અને ઈઈઈ બ્રાન્ચનાં વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રીમાં પ્રવેશ માટે કોમન મેરીટ બનાવવામાં આવે છે પરંતુ પ્રવેશ ફાળવતી સમયે પ્રથમ ઈલેક્ટ્રીકલના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે અને તેમાં જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના ઉપર ઈઈઈનાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

## જુગારને પરિવાર હોય કે સમાજ : માન્યતા મળી નથી

**ચોક્કસપણે આ, 'જુગારાષ્ટમી' નથી**
**- રશ્મિકાન્ત મહેતા**

ભારતીય પરંપરામાં જન્માષ્ટમી એ જુગારાષ્ટમી નથી. પ્રાચીનતમ છેકે વૈદિકયુગમાં, જુગારને પરિવાર હોય કે સમાજઃ માન્યતા મળી નથી. ઋગ્વેદ (૭-૮૬-૬)બ્રહ્મર્ષિ વસિષ્ઠ પાપનાં પ્રેરકો ગણાવે છે. માણસ પાપ કરવા કોનાથી પ્રેરાય છે. તેમાં તેમણે સુરા, ક્રોધ અને અવિવેકની સાથે જુગારને ગણતરીમાં લીધેલો છે. આ જ વેદમાં ઈલૂષના પુત્ર ઋષુ કવષનું ચૌદ મંત્રો ધરાવતું એક સ્વતંત્ર સૂકત (૧૦-૩૪) અક્ષ સૂતક છે. જુગાર- ધૂત-રમવાનો પાસો અક્ષ છે. તેનો આ લોકભોગ્ય સારાંશ જોતાં ખ્યાલ આવે છે કે માત્ર શ્રાવણની કૃષ્ણ અષ્ટમી નહી, કોઈપણ સમયે જુગાર નિંદિત કર્મ જ રહ્યું છે.

જુગારી કહે છે, જે રીતે સોમપાનથી મત્ત થઈ જવાય તેની જેમ ફલક પર ગગડતા આ પાસા મને મત્ત બનાવે છે. પરંતુ આને કારણે આ જે હું મારી એવી પતિવ્રતા ગૃહિણીથી જાણે કે અલગ થઈ ગયો છું કે જેણે અત્યાર સુધી મારો તિરસ્કાર કર્યો નહતો. અને જે મારા સ્વજનો માટે પણ ભલી હતી.

હવે તો પત્ની જ નહીં, આ જુગારીની સાસુ પણ આનાથી નારાજ છે. માત્ર પરિવાર નહીં, સમાજમાં પણ આને માટે કોઈની સહાનુભૂતિ નથી. જીતાયેલા જુગારીઓ ઘરે પૈસા લેવા આવે અને તેની પત્ની સાથે છેડખાની કરવા જાય ત્યારે પિતા, માતા અને ભાઈઓ તેઓને કહી દે છે કે, આને અમે ઓળખતા નથી, આને બાંધીને લઈ જાવ. તેમ છતાં આ જુગારી હું જીતી જઈશ. એવી ઈચ્છા સાથે હારતો જાય છે અને રમતો જાય છે. પરંતુ એને સમજ નથી કે આ અણિયાળા પાસાઓ તો દગાબાજ છે અને સંતાપ આપનારા છે. નાનું બાળક જેમ આપીને લઈ લે તેની જેમ રમનારને આપે છે અને લઈ પણ લે છે. આ પાસાઓ ગગડે છે ફૂલક પર, પરંતુ જુગારીના હૃદયને ધડકાવે છે. તેઓ હાથવગરના છે. પરંતુ હાથેથી ખેલનારને પાયમાલ કરે છે. તેઓ ઠંડા છે, છતાં અંગારા બનીને રમનારના હૃદયને બાળે છે. આ જુગારીને સમાજમાં બીજાઓના સંસ્કાર સમૃદ્ધ ગૃહો અને ગૃહિણીને જોઈને ઈર્ષાથી સંતાપ થાય છે. પરંતુ રમવાનું તેનાથી છૂટતું નથી. આ બધું જોયા પછી તેના હવે ખરેખર પસ્તાવો થવા લાગે છે.

એ જુગારી હવે કહે છે. દેવ સવિતાએ મને કહ્યું છે, પાસાઓથી રમ નહીં. ખેતી કર. ખેતીની ઉપજમાંથી જે કાંઈ ધન મળે એનાથી માત્ર સંતોષ જ નહીં. આનંદ પણ લે. આ લક્ષ્મી જ તારી ગાયો છે. એનાથી જ તને પરિવાર સુખ પણ મળશે. હવે આ જુગારી પાસાઓને કહે છે, હવે તમે મને આકર્ષિત કરશો નહીં, પ્રશ્ન થાવ માત્ર મને જ નહિ, બીજા કોઈને પણ તમારાં બંધનમાં રાખશો નહીં. આ રીતે આ અક્ષસૂક્ત એની સમર્થ પ્રતીતિ કરાવી આપે છે કે પરિવારમાં કે સમાજમાં જુગાર નિંદિત કર્મ રહ્યું છે.

# મેઘાણીની સ્મૃતિ અને શ્રાવણની ભીનાશ

**પ્રસંગસર**
**- વી. એસ. ગઢવી**

૯ માર્ચ ૧૯૪૭ના દિવસે જેમને ગુજરાતી ભાષા અને તેના સાહિત્ય સાથે જરા પણ નિસ્બત છે તેવા તમામ લોકો પર જાણે વિજળી પડી! મેઘાણીભાઈ વહેલી સવારે ગાયને નીરણ નાખવા માટે ઉઠ્યા. બેચેની અનુભવી, થોડા જ કલાકો પછી હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો. છેલ્લે છેલ્લે 'સોરઠી સંતવાણી'ના નામે ભજન સાહિત્યના સંશોધનનું પોતાને મનપસંદ એવું પુસ્તક કાયમી ભેટ તરીકે સમાજને ચરણે મૂકી આ સર્જક સંતોના ચરણે સાશ્વત શાંતિ પામવા આંખના પલકારાની ઝડપથી ઉપડી ગયા! કવિ ઉમાશંકર જોશી લખે છે: 'આખા ગુજરાતે સ્વજન ગુમાવ્યાનો ભાવ અનુભવ્યો. જાણીતા અને અજાણ્યા સૌએ શૂન્યતા અનુભવી. કેટલા બધાના જીવનમાં મેઘાણી ઓતપ્રોત થઈ ગયા હતા! દુનિયા કોઈને પૈસા આપે કોઈને માન મોભો આપે છે. આવી સ્થૂળ વસ્તુઓ કદાચ બહુ સંકોચ વિના આપી દે છે. પણ દુનિયા પ્રેમ તો કોઈકને જ આપે છે. દુનિયા તેલ જુએ છે. તેલની ધાર જુએ છે. પછી જ પ્રેમ આપે છે. મેઘાણીને આટલો પ્રેમ મળ્યો શી રીતે? એનો જવાબ એમની 'લોક હૃદય પ્રત્યેની નિષ્ઠા' એ શબ્દોમાં શોધી શકાય. ઉમાશંકરભાઈએ જન સામાન્યની લાગણીનો ખૂબ જ ઉચિત પડઘો પાડ્યો છે. લોકોના વિશાળ સમૂહે મેઘાણીની સાતત્યપૂર્ણ લોક નિષ્ઠઆના બદલે કવિને પોતાના હૃદય સિંહાસન પર સ્થાન આપ્યું હતું. એમ જો ન હોત તો જીવનની પચીસી વટાવી ગયેલો યુવક કલકત્તાની નિશ્ચિત આવકની સુવિધાપૂર્ણ જિંદગી છોડીને કાઠિયાવાડની અનિશ્ચિત જિંદગીને ભેટવા શા માટે આવે? એમને કદાચ પોતાનું જીવન કાર્ય સૂઝ્યું હતું એને તેની પૂર્તતા માટે કોઈપણ સાહસ કરવાની તેમની તૈયારી હતી. દૂર કલકત્તામાં બેઠેલા આ યુવાનને ગોધૂલી સમયે ગામ તરફ પાછી ફરતી ગાયોના કંઠમાં લાંધેલી ઘંટડી તથા ગામડાના નાના મંદિરમાં વાગતી ઝાલરનો નાદ સંભળાય તે કલ્પના જ અસાધારણ તથા રોમાંચક છે. આવા જ રંગભર્યા અને રોમાંચક રહ્યા આ કવિની જિંદગીના બાકીના પચ્ચીસ વર્ષ.

ભાષાનો વિવેક જાળવવામાં ગાંધીજી અગ્રસ્થાને હતા. એકપણ શબ્દ બિનજરૂરી રીતે વાપરવામાં ન આવે તેની સંપૂર્ણ કાળજી રાખતા. અતિશયોક્તિ તો તેમના લખાણમાં કે ભાષણોમાં મળે જ નહીં તેવી સ્વસ્થતા. આ પૂર્વભૂમિકા ધ્યાનમાં રાખીને મેઘાણીને ગાંધીજીએ આપેલી શ્રદ્ધાંજલિ એ એક નાના પણ અમૂલ્ય દસ્તાવેજ સમાન છે. ગાંધીજીએ મેઘાણીભાઈને શ્રદ્ધા સુમન અર્પણ કરતાં લખ્યું તે યાદગાર છેઃ

'કાઠિયાવાડને ઓળખવામાં કૂનેહ જોઈએ, ત્યાં ઈતિહાસ પડ્યો છે. નૂર પડ્યું છે. ગુણ, ભક્તિ અને નેકદિલી છે. કળા-સૌદર્ય આ પ્રજામાં ઘણું પડ્યું છે. જેની શોધખોળ પાછળ મેઘાણી ગાંડા હતા. માટે મારે મન મેઘાણી કૃષ્ણની બંસરી સમાન હતા.'



યોગાનું યોગ, કાઠિયાવાડમાં જન્મ લઈને સમગ્ર વિશ્વને બાથમાં લેનાર મોહનદાસ પોતાના માતૃભૂમિના મોઘેરા મૂલ્યથી વાકેફ છે. પ્રભાવિત છે. તેથી જ કદાચ મેઘાણીભાઈની પ્રાણવાન શોધયાત્રાના પ્રશંસક છે. મેઘાણીના મૃત્યુ બાદ જૂનાગઢમાં જે મુક્તિ જંગ ખેલાયો તથા આરઝી હકૂમતનો ઐતિહાસિક સંઘર્ષ થયો ત્યારે ગાંધીજીને તે બાબતના ઘણા પત્રો મળતા. મનુબેન ગાંધી લખે છે કે કાઠિયાવાડથી આવેલા આ પત્રો પરથી બાપુ મેઘાણીને અનેક વખત યાદ કરતાં. આવા ડહોળાયેલા વાતાવરણમાં ગાંધીજીને મેઘાણીની ખોટ વરતાતી હતી. ભાઈશ્રી પિનાકી મેઘાણીના 'વન મેન મિશન'ના કારણે આવી ઘણી અમૂલ્ય શ્રદ્ધાંજલિઓ આપણને ડિજીટાઈઝડ સ્વરૂપે જોવા મળે છે. ભાઈ પિનાકીને તેનો યશ જાય છે.

મેઘાણીભાઈએ મર્યાદિત સાધન સગવડ અને સમયની ભીંસમાં જે કાર્ય અઢી દાયકામાં કર્યું તેવું અને તેટલું કામ કદાચ એક સૈકામાં પણ કરવું મુશ્કેલ બને. જીવનની બીજી પચ્ચીસી નિરંતર રીતે સમાજમાં વિહરતા રહીને એ ભૂમિની સદીઓથી સંચિત થયેલી અને અત્રતત્ર વેરાયેલી વેદનાઓ તેમજ યાતાઓ, વીરતા, આત્મબલિદાન અને સ્વાર્પણના ઉજળા પ્રસંગો, સમાજ જીવનના તાણાવાણા અને તેમાંથી પ્રગટ થતું સુરીલું સંગીત કાન માંડીને તેમણે સાંભળ્યું તથા તે બધી બાબતે એક સુરેખ દસ્તાવેજ રૂપે વારસામાં મૂકીને ગયા. એક સાહિત્યકારની આથી મોટી ભેટ સમાજને બીજી કઈ હોઈ શકે? કવિ દાદે યથાર્થ લખ્યું છે:

કાજળ ઘેરા કાળજામાં તે તેજની જોઈ લકીર,
જૂલમી નરમા માનવતાના હૈયે દીઠા હીર,
અંતરના લોઢ ઉછાળ્યા, સમદરમાં વીરડા ગાળ્યાં,
ગાજે સમદરના પણી, ઘટોઘટ એમ મેઘાણી.
સત ધરમને દીવડે પૂર્યા તે, તન નીચોવીને તેલ
ખંભે ખેંચી કાવડ્યું રાખી, જીવતી નાગરવેલ
ખાતર થઈ કયારીએ ખૂંત્યો, ફોરમ થઈ ફૂલડે ફૂટયો.
કઠણમાં કઠણ માનવીઓના દિલમાં વહેતી હેતની સરવાણીઓ

મેઘાણીએ શોધી કાઢી કાળના પ્રવાહમાં પણ જેમની ઓજસ્વીતા ઝાંખી ન થાય તેવા આપણી જ ભૂમિના કેટલાક પાત્રો લોકસાહિત્યના આ ધૂળાધોયાએ આપણી સન્મુખ કરી દીધા. આજે પણ જન સામાન્યની વ્યક્તિત્વ તરફ સતત વહેતો રહે છે. આ વાતની પ્રતિતિ તાજેતરમાં જ સુરેન્દ્રનગરના રાજય સરકારના નિવૃત્ત અધિકારી અને સાહિત્ય પ્રેમી ભૂપેન્દ્રભાઈ દવેએ મોકલાવેલી રચનાથી સવિશેષ રીતે થઈ. મોટીલા તાલુકાના ઢોકળવા ગામના પીઠુભાઈ ખાચરે લખેલી કેટલીક સુંદર પંક્તિઓ આપણાં લોકકવિ તથા મર્મી સાહિત્યકાર મેઘાણીનું સુરેખ ચિત્ર રજૂ કરે છે.

'દિવ્ય વાતુ હતી પથ્થર તણા દિલમાં
વિવિધ વાતુ હતી ગગન વાડી
ભવ્ય વાતુ હતી ગેબને ભોંયરે
જુગ જૂની હતી અગમ ઝાડી.
કલમતો પગલીઓ પાડતી કંકુની,
ક્યાંક શોણિતના રંગ કરતી,
મલપતી ચાલતી ક્યાંક માધૂરી,
જ્વાળ થઈ શૌર્યના અગન ઝરતી.'

ખરેજ, પીઠુભાઈએ લખ્યું છે તેમ આ બધી અમૂલ્ય વાતોનો આપણો ખજાનો સમાજ સમક્ષ રજૂ કરવાની અથાક મહેનત, રઝળપાટ મેઘાણી સિવાય કોણ કરી શકત? આ વાતોમાં પૂરાયેલા વિવિધ રંગોની ભાત તેમણે ઉપસાવી અને જગતના ચોકમાં રમતી મૂકી. માતા સરસ્વતી દિવ્ય મુખ પર મેઘાણીની મહેનત એક નવો મલકાર લાવી શકી છે. પ્રસન્નતા લાવી શકી છે.

મેઘાણીભાઈને અંજલિ સ્વરૂપે લખાયેલા પિંગળશીભાઈ લીલાના આ શબ્દો રળિયામણા લાગે છે.

'માતા સરસ્વતી મીટ માંડીને જોતી કોઈક દૂલારો,
નિડર, નિર્ભય, નિર્વ્યસની આ કોણ ઉપાસક મારો.
બાવલ બેટો જોઈ બગસરે હૈયામાં હરખાણી,
અમરલોકથી આપ્યા! અમારા શાયર મેઘાણી.'

શ્રાવણ માસના પવિત્ર તહેવારોની મધ્યમાં આ મહામાનવની સ્મૃતિ આ માસની ૨૮મી તારીખે આવતી તેમની જન્મજયંતિને કારણે સવિશેષ થાય છે. અનેક કાર્યક્રમોમાં, સાહિત્યના મર્મીલા વાહકોની રસાળ શૈલિમાં મેઘાણીભાઈના ગીતોની, વાતોની ફરી સુંદર પ્રસ્તુતિ થશે. લોકોએ તો મેઘાણીની વાતોને હંમેશા માણી છે, ખોબે અને ખોબે વધાવી છે. મેઘાણીની પાવન સ્મૃતિ લોકહૃદયમાં ચિરંજીવી છે. અમિટ છે.